ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

ચકલોડિયાઓનું વિતરણ કરી અનોખી સેવા કરતા નરેન્દ્રભાઈ

ગાંધીનગર, તા. ૧૮

ઉનાળાની આકરી ગરમીમાં પાણીની તરસ લાગે તો આપણે તુરંત જ ફ્રિજમાંથી ઠંપા પાણીની બોટલ કાઢી ગટગટાવી જઈએ છીએ પરંતુ ક્યારેય વિચાર્યુ છે કે ભારે ગરમીમાં ઉડાઉડ કરતા નાના પંખીઓને પાણી શોધવા માટે ક્યાં ક્યાં ભટકવું પડતુ હશે. હરીયાળા ગાંધીનગરમાં ઘણા પંખીઓ વસવાટ કરે છે પરંતુ શહેરની નજીક નદી, તળાવ જેવી વોટર બોડી ન હોવાથી ઉનાળામાં પક્ષીઓને પાણી માટે ભટકવું પડે છે. સેક્ટર-૭માં રહેતા પર્યાવરણપ્રેમી નરેન્દ્ર ડી. રાવલ છેલ્લા પંદર વર્ષથી પક્ષીઓ માટે ચકલોડિયાઓનું વિતરણ કરે છે. આ વર્ષે તેઓએ ૧૫૦૦ જેટલા ચકલોડિયાઓનું વિતરણ વિના મૂલ્યે કર્યુ છે.

દર વર્ષે તેઓ કેટલાક ચકલોડિયાઓની ખરીદી કરે છે અને વસાહતીઓને તેનુ વિતરણ કરી તેઓને પોતાના ઘરના આંગણામાં આ ચકલોડિયા મુકી પાણી ભરી પક્ષીઓની તરસ છીપાવવાની અપીલ કરે છે. સચિવાલયના આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા નરેન્દ્રભાઈ રાવલ ચકલોડિયાઓનું વિતરણ કરે છે તેવી ઘણા વસાહતીઓને હવે જાણ થઈ ગઈ હોવાથી વસાહતીઓ દર વર્ષે તેમની પાસેથી ચકલોડિયા લઈ જાય છે. તેમના પત્નિ કપિલાબેન અને તબીબ પુત્ર ડૉ. મિલન રાવલ પણ આ સેવા કાર્યમાં ખુબ હોંશથી જોડાય છે. ચકલોડિયા ઉપરાંત તેઓ પંખીઓના માળાઓનું વિતરણ કરે છે. પશુ-પંખીઓ પાણી વિના તરસે મરે નહી તે માટે નરેન્દ્રભાઈ તેમની ગાડીમાં હંમેશા ૨૦ લી.ની વોટરબેગ ભરેલી રાખે છે. ક્યાંય પણ ચકલોડિયા ખાલી હોય તો તેઓ તેમાં તુરંત જ પાણી ભરી દે છે. આ ઉપરાંત તેઓ જરૂરીયાતમંદોને કપડા, ગરીબ બાળકોને નોટબુક્સ તથા મજુર પરીવારોને પ્લાસ્ટિકની બોટલોનુંવિતરણ કરી અનોખી સેવા કરે છે.

(તસવીર : દિપક જાની)

રાજ્યમાં પણ ૧૦૦ દિવસનો એજન્ડા

રાજ્ય સરકારે તમામ વિભાગોને ૧૦૦ દિવસની કાર્યયોજના તૈયાર કરવા તાકિદ કરી છે : વિકાસના કામો અંગે ગતિશીલ બનાવવા સંકલ્પ

ગાંધીનગર, તા. ૧૮

હવે ગુજરાત સરકારે પણ તમામ વિભાગોને ૧૦૦ દિવસની કાર્યયોજના તૈયાર કરવા માટે જણાવ્યુ છે. ખાસ કરીને વિકાસના કામો અંગે આ મુદ્દે વર્ક ઓર્ડર આપ્યા હોય તો તે અને થયેલ કામગીરીની પ્રગતિ સાથે આ કાર્યયોજના તૈયાર કરવાની રહેશે.

રાજ્ય સરકારના અત્યંત વિશ્વસનીય સૂત્રોના જણાવ્યાનુસાર રાજ્ય સરકારે હવે વિકાસની ગતિને વધુ ગતિશીલ બનાવવા માટેનો સંકલ્પ કર્યો છે. આથી એ.ટી.વી.ટી., આયોજન મંડળો તેમજ માર્ગ-મકાન વિભાગને તો ઓછામાં ઓછા ૧૦ થી ૩૦ કામો તાત્કાલિક શરૂ કરવા માટેની તાકીદ પણ કરી દેવામાં આવી છે.

સરકારના આ સૂત્રોએ જણાવ્યું છે કે જિલ્લા આયોજન મંડળોના અધિકારીઓની એક બેઠક પણ યોજાઈ ગઈ છે તો જિલ્લા કલેક્ટરો અને જિલ્લા વિકાસ અધિકારીઓની બેઠકમાં પણ આ મુદ્દે કડક તાકીદ કરવામાં આવી છે.

વિકાસના કામો જે સર્વ સમાવેશક હોય તેવા કામોને અગ્રતા આપવાની રહેશે તેમજ દર ૧૦ દિવસે આ કામોની થયેલી પ્રગતિનો અહેવાલ પણ રાજ્ય સરકારને આપવાનો રહેશે.

રાજ્ય સરકારે દરેક વિભાગોને ૧૦૦ દિવસનો એજન્ડા તૈયાર કરી અને તે અંગેનું પ્રેઝન્ટેશન સાથેનો અહેવાલ મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયને મોકલી આપવાનો રહેશે.

આગામી ગરીબ કલ્યાણ મેળાઓમાં પણ હવે વિકાસના મુદ્દે જ ભાર મુકવાનો હોવાથી ૧૦૦ દિવસનું નક્કર આયોજન તૈયાર કરવા જણાવાયું છે. ૧૦૦ દિવસના અંતે મુખ્યમંત્રીશ્રી દ્વારા આ અંગેની સમીક્ષા પણ કરવામાં આવનાર છે અને તેમાં નબળી કામગીરી કરનારા વિભાગો સામે લાલ આંખ કરાશે તેમ મનાઈ રહ્યું છે.

પંચામૃત ભવનનો પ્રોજેક્ટ અટવાયો

એક વર્ષ બાદ પણ કોઈ હિલચાલ નહિ : એક વર્ષ અગાઉ ઉચ્ચ કક્ષાએ પ્રેઝન્ટેશન રજૂ કરાયુ હતું પરંતુ સુચનોના અંતે પણ કાર્યયોજના આગળ વધી શકી નથી

ગાંધીનગર,તા.૧૮

જ-માર્ગ અને સાબરમતી નદીના વચ્ચેના વિસ્તારમાં પંચામૃતભવન બાંધવાની યોજના વર્ષોના અંતે હજુ કાગળ પર જ રહી ગઈ છે. મહાત્મા મંદિર પ્રેરણા, સચિવાલય સંકુલ પુરુષાર્થ અને પંચામૃતભવન પરિણામ ના થીમ આધારિત ભવન બાંધવાની યોજના સંદર્ભે લાંબા સમયના અંતે પણ કોઈ પરિણામ મેળવી શકાયું નથી. આ અંગે અગાઉ તત્કાલીન મુખ્યમંત્રી સમક્ષ તંત્રના ઉચ્ચ અધિકારીઓ દ્વારા પ્રેઝન્ટેશન પણ રજુ કરાયું હતું. આ તબક્કે પ્રોજેક્ટને અનુલક્ષી સુચનો પણ રજુ થયા હતા. પરંતુ ત્યાર બાદ પંચામૃતભવનની કાર્યયોજના આગળ ધપાવવા કોઈ ગતિવિધિ હાથ ન ધરાતા આ પ્રોજેક્ટ હાલ ડેડ હાલતમાં છે.

જ-માર્ગ પાસે નદીના તટમાં પંચામૃતભવન બાંધવાની મહત્વકાંક્ષી યોજના તૈયાર કરવામાં આવી છે. મહાત્મા મંદિરને પ્રેરણારૂપ અને આગળ સચિવાલયને પુરુષાર્થ નામ આપ્યા બાદ પરિણામ સ્વરૂપે પંચામૃતભવન તૈયાર કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પંચામૃતભવનમાં જળ, રક્ષા અને ઉર્જા સહિતના પાંચ અમૃત માટે વિશેષ -કારની ગેલેરીનું નિર્માણ કરવાનું પણ આયોજન કરાયું છે. પાંચ પરમેનેન્ટ ગેલેરી અને ટેમ્પરરી ગેલેરીમાં વિશિષ્ટ વિકાસકામોનો ચિતાર રજુ કરવાની પણ વિચારણા છે. આ ઉપરાંત નદી કિનારાને અમદાવાદ રીવરફ્રન્ટની પેટર્ન મુજબ વિકસાવી ગામઠી જીવન, સફારી તેમજ બોટિંગ સહિતના આકર્ષણો ઉભા કરવાનો આ યોજના હેઠળ સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રાથમિક તબક્કે પંચામૃતભવન સહિતના આ સમગ્ર પ્રોજેક્ટનો ખર્ચ રૂ.૧૦૦ કરોડ થાય તેમ છે. એક બાજુ મહાત્મા મંદિરને અનુલક્ષી કામગીરી પુરજોશમાં ચાલી રહી છે જેમાં ફેઈઝ-૨ એ નું કામ પૂર્ણ કરી દેવાયું છે.

● અનુસંધાન પાન-૭ પર

શેરથા પાસે સવા લાખની લૂંટ

સળિયો અને છરી મારી વેપારીને ત્રણ લૂંટારુઓએ લૂંટી લીધો

ગાંધીનગર,તા.૧૮

કલોલ-અમદાવાદ હાઈવે પર સ્થિત રેલ્વે બ્રીજ પાસેથી ગઈ કાલે સાંજે બાઈક પર પસાર થઈ રહેલા વેપારીને રીક્ષામાં આવેલા શખ્સોએ માર મારીને લુંટી લીધો હતો. રીક્ષાચાલકે લુંટ કરવાના ઈરાદે વેપારીના બાઈક સાથે અકસ્માત કરીને વેપારી પર ત્રણ શખ્સોએ હિંસક હુમલો કરીને રૂ.૧.૨૪ લાખ રોકડા ભરેલી બેગ તફડાવી લીધી હતી. ઈજાગ્રસ્ત વેપારીએ લુંટ ચલાવીને ફરાર થઈ ગયેલા આ ત્રણેય અજાણ્યા તત્વો સામે અડાલજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ટ્રાફિકથી ધમધમતા આ વિસ્તારમાં સાંજના અરસામાં બનેલી આ લુંટની ઘટનાથી અડાલજ પોલીસની પેટ્રોલિંગ કામગીરી પર પણ શંકાઓ ઉભી થવા પામી છે. અમદાવાદ વિસ્તારમાં વેપારીઓની લુંટના અનેક સનસની કિસ્સાઓ બાદ હવે ગાંધીનગરમાં પણ આ પ્રકારના ક્રાઈમની શરૂઆત થઈ ગઈ હોવાનું સ્પષ્ટ થયું છે.

મળતી માહિતી મુજબ અમદાવાદના વસ્ત્રાલ રોડ પર સ્થિત સાઈબાબા સોસાયટીમાં રહેતા વેપારી શુભમ શ્યામ સુંદર ગઈ કાલે સાંજે ૭.૩૦ વાગ્યાના અરસામાં કલોલથી બાઈક નં.જીજે ૨૭ જે ૧૪૬૨ લઈને અમદાવાદ તરફ જઈ રહ્યા હતા. તેમની પાસે એક કાળા રંગની બેગ પણ હતી. જેમાં

● અનુસંધાન પાન-૭ પર

અમારી તરફ કોઈક ધ્યાન આપો... અમારો પણ એક જમાનો હતો...

(તસવીર : કશ્યપ નિમાવત)

મહાનુભાવોની પ્રતિમાઓની હાલત ખરાબ

૧૦ જેટલી વિવિધ સ્થળે મુકવામાં આવેલી મહાનુભાવોની પ્રતિમાઓ પક્ષીઓના ચરક અને ધૂળથી ખરાબ

(દિલીપ પ્રજાપતિ),

ગાંધીનગર, તા. ૧૮

શહેરને રઢિયામણુ બનાવવા માટે સરકાર દ્વારા અનેક પ્રયત્નો કરવામાં આવે છે. પાટનગરની સુવાસ દરિયાપાર સુધી પહોંચે તે માટે નગરનું નિર્માણ પણ સુંદર રીતે કરવામાં આવ્યું છે. નગરની શાન વધારવામાં સર્કલોનું યોગદાન રહ્યું છે. રાજ્યમાં ગાંધીનગરના સર્કલોની ચર્ચા થાય છે. સર્કલોને સુંદર બનાવવા અનેક મહાનુભાવોના સ્ટેચ્યુ મુકવામાં આવ્યા છે. સર્કલોને દત્તક આપવામાં આવ્યા છે, પરંતુ સર્કલોની માવજત એક મોટો પ્રશ્ન છે.

નગરમાં અંદાજીત ૧૦ જેટલા મહાનુભાવોના સ્ટેચ્યુ મુકવામાં આવ્યા છે. તેમજ સર્કલ પર વિમાન, મૂર્તિઓ જેવી કૃતિઓ મુકવામાં આવી છે. જેને દૂરથી નિહાળતા મન પ્રફુલ્લિત થઈ ઉઠે છે. પરંતુ આ મૂર્તિઓ કે કૃતિઓની જાળવણી કરવામાં આવતી નથી તેનું શું?

તાજેતરમાં ઘ-૬ સર્કલ પર મુકવામાં આવેલી સરસ્વતી માતાજીની મૂર્તિની સાફ-સફાઈ કરવામાં આવી હતી. પરંતુ નગરમાં હજુ કેટલીયે પ્રતિમાઓ છે. જેમની સફાઈ કા તો ચોમાસામાં કુદરતી રીતે થાય છે કે પછી કોઈ જન્મતિથિ કે મરણતિથિના દિવસે થાય છે. આજ દિવસો એવા હોય છે કે આ પ્રતિમાઓ સ્વચ્છ દેખાય છે. ત્યારબાદ અહિંથી લાખ્ખો લોકો પ્રતિમાઓ સામે નજર સુદ્ધા નાખતા નથી. ઘણા બધા લોકો પ્રતિમાઓ ઉપર પક્ષીઓના ચરક કે ધૂળની ડમરીઓ જોઈને સફાઈ કરાવવી જોઈએ તેવી વાતો કરીને હાહા હીહી કરતા હોય છે.

પાટનગરના વિધાનસભા સંકુલમાં ગાંધીજી, સરદાર પટેલ, જીવરાજ મહેતા ભવનમાં જીવરાજ મહેતા, ઘ-૫ સર્કલ પર પૂ. રવિશંકર મહારાજ, ચ-૩ સર્કલ પર મુકવામાં આવેલા એરફોર્સના વિમાનો પર ધૂળની ચાદરો ઓઢાડી હોય તેવી રીતે દેખાઈ રહ્યા છે. ગાંધીનગરના પ્રવેશ દ્વાર સમા ચ-૦ સર્કલે તો ભારતના પ્રથમ મહિલા વડાપ્રધાન ઈન્દીરાજીની પ્રતિમા તો દેખાતી જ નથી. અને મહાત્મા મંદિરમાં રેંટિયો કાંતતા ગાંધીજી એ.સી.ની વચ્ચે રહે છે. પરંતુ ધૂળ તેમનો પીછો છોડતી નથી. મહાત્મા મંદિરમાં સફાઈ કરનાર કર્મચારીઓનો ટોટો પણ જડતો નથી. છતાં ગાંધીજીની પાસે જઈને કોઈને કપડુ ફેરવવાની પણ ઈચ્છા થતી નથી.

ઉનાળામાં ગરમીથી બચવા માટે નાગરિકો મોટા ભાગે સર્કલોનો સહારો લેતા હોય છે. પરિવાર સાથે નિકળેલા નગરજનોના બાળકો સર્કલ પર મુકવામાં આવેલા વિમાન, મહાનુભાવોની પ્રતિમાઓ જોઈને આનંદીત થઈ ઉઠતા હોય છે. બાળકો આ પ્રતિમાઓ પાસે ઉભા રહીને ફોટા પડાવવા માટે તલપાપડ થઈ ઉઠે છે. પરંતુ સર્કલોની દુર્દશાને કારણે તેમના વાલીઓ દ્વારા ત્યાંથી દૂર રહેવાનું કહેવામાં આવે છે. જે ખરેખર તંત્રની પોલ છતી કરે છે. જે નગર સર્કલોના કારણે દેશમાં ઓળખાતુ હોય તેજ સર્કલને તેના જ નગરના રહિશો અળગા રહે છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

શહેરની શાન અને મહાનુભાવોની પ્રતિમાઓની સુંદરતા બરકરાર રાખવા માટે તેમજ સર્કલોને પણ સુંદર રાખવા માટે જે રીતે ઘ-૬ સર્કલ પરની સરસ્વતી માતાજીની પ્રતિમાને દત્તક લીધેલા વાલી દ્વારા પોતાની જવાબદારી સમજી સ્વચ્છ બનાવવામાં આવી તેવી જ રીતે અન્ય સર્કલો અને નગરની ૧૦ જેટલી પ્રતિમાઓની સમયાંતરે સ્વચ્છતા કરવામાં આવે તો સાચા અર્થમાં અંજલિ આપવામાં આવી તેવુ લાગશે. નહિ તો જન્મ અને મરમ તીથિના દિવસે તો અનેક લોકો ભેગા થતા જ હોય છે.

મહાત્મા મંદિર ફેઈઝ-૨ બી નું કામ ફેબ્રુઆરી ૨૦૧૫માં પૂર્ણ થશે !

પ્રોજેક્ટ પાછળ ૨૬૦ કરોડનો ખર્ચ : મ્યુઝિયમ, ફાઉન્ડેશન બ્રિજ, સિવિલ બિલ્ડીંગ, કમ્પાઉન્ડ વોલ તેમજ રસ્તા સહીતનુ કામ પૂર્ણ કરાશે

ગાંધીનગર, તા. ૧૮

મહાત્મા મંદિરને અનુલક્ષી ફેઈઝ-૨ બી ની કાર્યયોજનાનું કામ શરૂ કરી દેવાયું છે. આ અન્વયે મ્યુઝિયમ, બ્રિજ, કમ્પાઉન્ડ વોલ તેમજ રસ્તાનું કામ હાથ ધરાયું છે. ફેઈઝ-૨ એની કામગીરી પૂર્ણ થયા બાદ હવે આગામી વર્ષ ૨૦૧૫ સુધીમાં બીજા તબક્કાની યોજનાનું કામ પણ પૂર્ણ કરે દેવાશે.

મહાત્મા મંદિરની યોજનાને અનુલક્ષી અગાઉ ફેઈઝ-૨ એનું કામ હાથ ધરવામાં આવ્યું હતું. જ્યારે આ અન્વયે ભવ્ય સોલ્ટ માઉન્ટ પાર્કીંગ, ગાંધી ગાર્ડન, વોટર બોડી તેમજ રંગબેરંગી ફાઉન્ટેઈન સહીતના આકર્ષણો ઉભા કરવામાં આવ્યા છે. મીઠાના સત્યાગ્રહની પ્રતિકૃતિ સમાન ભવ્ય સોલ્ટ માઉન્ટ પણ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. આ ઉપરાંત ભવ્ય ગાંધી ગાર્ડનનું પણ નિર્માણ કરી દેવાયું છે. આ ઉપરાંત 'ખ' માર્ગના કર્વેચરનું કામ પણ પૂર્ણ કરી દેવાયું છે.

જ્યારે હવે મહાત્મા મંદિરને લઈ તંત્ર દ્વારા ફેઈઝ-૨ બી નું કામ પણ શરૂ કરી દેવાયું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર ફેઈઝ-૨ બીની કામગીરી અન્વયે હાલ ભવ્ય મ્યુઝીયમ બાંધવાનું કામ હાથ ધરવામાં આવ્યું છે. આ ઉપરાંત ફાઉન્ડેશન બ્રિજ તેમજ સિવિલ બિલ્ડિંગ પણ તૈયાર કરવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટ અન્વયે કમ્પાઉન્ડ વોલ બનાવવાનું કામ પણ હાથ ધરાશે. મ્યુઝિયમમાં ગાંધીજીના જીવનચરિત્ર આધારિત ચિત્રો અને ચીજવસ્તુઓનો સમાવેશ કરવામાં આવશે. આ ઉપરાંત ગાંધીજીના જીવન પર અસર કરતા મહાનુભાવોને પણ મ્યુઝિયમમાં તાદ્રસ્ય કરાશે. ફેઈઝ-૨ બીની કાર્યયોજના પાછળ રૂ. ૨૬૦ કરોડનો તોતિંગ ખર્ચ કરવામાં આવશે જ્યારે ફેબ્રુઆરી-૨૦૧૫ સુદીમાં આ સમગ્ર યોજનાનું કામ પૂર્ણ કરી દેવાશે.

GSPC
Gujarat State Petroleum Corporation Limited
(A Govt. of Gujarat Undertaking)
Sealed quotations are invited for supply and fixing of Fire Extinguisher 2kg capacity-Type ABC Clean Agent at GSPC Bhavan from experienced and qualified agencies. Bidders are requested to submit their quotation latest by 25th June, 2014, 1700 hrs. at the below mentioned address:
Executive Director (Admin.)
Gujarat State Petroleum Corporation Ltd.
GSPC Bhavan, 7th Floor, B/h Udyog Bhavan, Sector-11, Gandhinagar 38010
Phone:079-66701716

SAI
भारतीय खेल प्राधिकरण
SPORTS AUTHORITY OF INDIA
नेताजी सुभाष पश्चिमी केन्द्र, सेक्टर-15, गांधीनगर (गुज.) 382016 फोन : 23223182
NETAJI SUBHAS WESTERN CENTRE, SECTOR-15, GANDHINAGAR (GUJ.) 382016. PH: 23223182
NOTICE INVITING TENDER
Sports Authority of India, Netaji Subhash Western Centre Gandhinagar invites rates from local agencies for disposal of scrapes/unserviceable items kept in front of class rooms & other places through public auction on lump sum amount or rate per kg for iron and wooden/misc. scrapes items.
The date for public Auction is fixed on 20-06-2014 at 3:30 P.M.
Interested agencies may inspect all items kept in front of class rooms/other places & quote their lump sum amount or rate per kg for steel, iron/wooden scrapes in sealed cover separately.
All interested parties are also informed that lump sum amount or rate Per Kg for all items which ever is higher will be considered for disposal.
SAI reserve the right to accept or reject any bid at any stage without assigning any reason.
R.K.NAIDU
DIRECTOR

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY
Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
VINAYAK 500 TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
B.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com